ક્રમાંક: રાપબો/એ.ટી.ડી. પરીક્ષા/પરીણામ/૨૦૧૯/૩૭૦૯-૩૭૨૧

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ:૧૦/૦૭/૨૦૧૯

જાહેરનામુ:-

**વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: રાપબો/ATD/૨૦૧૮-૧૯/274-294, તા:૨૨/૦૧/૨૦૧૯**

**(૨) અત્રેની કચેરીના સુધારેલ જાહેરનામા ક્રમાંક: રાપબો/ATD/૨૦૧૮-૧૯/૨૦૯૯-૨૧૧૮, તા:૧૯/03/૨૦૧૯**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા એ.ટી.ડી. પરીક્ષા માટે આમુખ-૧ અનુસારના જાહેરનામા અનુસાર બહાર પાડેલ પરીક્ષાના કાર્યક્રમમાં ભારતીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત માટે જાહેર થયેલ લોકસભા ચૂંટણી-૨૦૧૯ની તારીખને અનુલક્ષીને ફેરફાર કરવામાં આવેલ હતો.આમુખ-૨ અનુસાર આ અંગેનું સુધારેલ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતું. ઉપરોક્ત જાહેરનામા અન્વયે એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષ (નવો/જૂનો અભ્યાસક્રમ)ની પરીક્ષા વર્ષ-૨૦૧૯ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષ પરીક્ષાનું પરીણામ આજ તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**એ.ટી.ડી. પરીક્ષા પરીણામ - ૨૦૧૯ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમવર્ષ નવો અભ્યાસક્રમ | 184 | 152 | 140 | 12 | 92.11 |
| ૨ | એ.ટી.ડી. પ્રથમવર્ષ જૂનો અભ્યાસક્રમ | - | - | - | - | - |
| ૩ | એ.ટી.ડી. દ્વિતિયવર્ષ નવો અભ્યાસક્રમ | 157 | 154 | 142 | 12 | 92.21 |
| ૪ | એ.ટી.ડી. દ્વિતિયવર્ષ જૂનો અભ્યાસક્રમ | 1 | 1 | 1 | 0 | 100 |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી **વિષય દીઠ રૂ.૧૦૦/-** (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૧૭/૦૭/૨૦૧૯ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. **તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં**. આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઈ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૨૦/૦૭/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ **'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર'** ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતીમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

પ્રતિ
આચાર્યશ્રી, એ.ટી.ડી. કોલેજ (સંબંધિત)

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:
-માન. શિક્ષણમંત્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.